ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેકટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
ટેલીફોન નંબર:- (૦૭૯)૨૩૨-૫૮૬૫૯
વેબ સાઈટ -:https://gujrera.gujarat.gov.in

# ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
# ગાંધીનગર

ફરીયાદી:- નિલેશકુમાર.વિ. પટેલ
એ/૨૧ નવજીવન શોપીંગ સેન્ટર,
મહેન્દ્રા મિલ રોડ,
કલોલ, ગાંધીનગર-૩૮૨૭૨૧.

સામાવાળા:- સોમભાઈ આર પટેલ,
જલારામ એજન્સી, નવજીવન શોપીંગ સેન્ટર,
મહેન્દ્રા મિલ રોડ,
કલોલ, ગાંધીનગર-૩૮૨૭૨૧.

પ્રોજેક્ટ : નવજીવન શોંપીંગ સેન્ટર, કલોલ.

ફરીયાદી તરફથી હાજર રહેલ પ્રતિનિધિ :પોતે તથા અન્ય વેપારીઓ.

સામાવાળા તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : પોતે.

(કોરમ : શ્રી પી.જે. પટેલ, મેમ્બર-૧ અને ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ, મેમ્બર-૨)

ફરીયાદનં :- CMP/Gandhinagar/180520/000073

## હુકમ

તા. ૦૬/ ૦૯/ ૨૦૧૮

૧. ફરીયાદીની ફરીયાદ મુજબ નવજીવન મીલ વર્ષ ૧૯૮૧માં બનેલ જે ફડચામાં જતાં, તેની હરાજી મારફતે પ્રોમોટર ધ્વારા લેવામાં આવેલ અને નવજીવન શોંપીંગ સેન્ટર નામના પ્રોજેક્ટ ની રજાચિઠી વર્ષ ૨૦૦૫ માં મંજુર કરાવવામાં આવેલ અને બાંધકામ જે તે વખતે પુર્ણ

કરવામાં આવેલ. ત્યાર બાદ પ્રોમોટર ધ્વારા પાર્કીંગની જગ્યામાં પણ બાંધકામ કરી વેચાણ/ભાડે આપવામાં આવે છે, સ્ત્રી ટોઈલેટ ન હોવાને કારણે મહીલા ગ્રાહકોને તકલીફ પડે છે. તથા પાર્કીંગ જગ્યામાં પણ બાંધકામ કરેલ હોવાથી ગ્રાહકોને તકલીફ પડે છે. જેથી ગેરકાયદેસર અને મંજુર નકશા વિરુધ્ધ બાંધકામ તોડી પાડવા જરૂરી કાર્યવાહી કરવાની ફરીયાદ કરેલ છે.

૨. ફરીયાદીએ જણાવેલ પ્રોજેકટ વર્ષ ૨૦૦૫ માં થયેલ હોવાનું જણાય છે. રેરા એકટ ૨૦૧૬ નો અમલ ગુજરાતમાં વર્ષ ૦૧/૦૫/૨૦૧૭ થી થયેલ છે. ઉપરાંત, અરજદારે દર્શાવેલ દબાણ દુર કરવાની બાબત સ્થાનિક સત્તામંડળ કલોલ નગરપાલિકાના કાર્યક્ષેત્રની હોઈ તેઓને લેખિતમાં રજુઆત કરવા ફરીયાદીને જણાવામાં આવે છે. પ્રસ્તુત બાબતે જરૂરી કાર્યવાહી કરવા આ હુકમની નકલ કલોલ નગરપાલિકાને પણ આપવા હુકમ કરવામાં આવે છે. ફરીયાદની ફરીયાદનો નિકાલ કરવામાં આવે છે.

શ્રી પી.જે.પટેલ
મેમ્બર -૧

ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ
મેમ્બર -૨
6/9/18